# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

જૂનો વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ, રાજકોટ.

ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩ Email : rajkotdeo@gmail.com


તા. ૨૯/૧૦/૨૦૨૦

ક્રમાંક/પરીક્ષા/ગ-૩/૨૦૨૦/૬૪૫૭-૬૪૮૪

**પરીપત્ર**

ઈ-મેઈલ દ્વારા

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
રાજકોટ જિલ્લો.

**વિષય :- એચ.એસ.સી (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા જન્મતારીખમાં સુધારો કરવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ) ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં ધોરણ-૧૦ (**S.S.C**) ના ગુણપત્રક અથવા **L.C.** મુજબ નામ, અટક/પિતાનું નામ, જન્મ તારીખ કે અન્ય કોઈ સુધારો કરવાનો થતો હોય તો, નીચે મુજબના આધારો સાથેની દરખાસ્ત **નાયબ નિયામકશ્રી (પરીક્ષા), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેકટર નંબર- ૧૦/બી, જૂના સચિવાલય , ગાંધીનગર** ખાતે મોકલી આપવાની રહેશે. :-

1. શાળાનો ફોરવર્ડીંગ લેટર
2. પરિશિષ્ટ-7
3. પરિશિષ્ટ-7 A
4. ધોરણ 12 ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ
5. ધોરણ 10 ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ
6. ધોરણ- 12 ના અસલ ગુણપત્રક અને અસલ પ્રમાણપત્ર
   (જો એક કરતા વધુ તકોમાં પરીક્ષા પાસ કરેલ હોય તો તે તમામ ગુણપત્રક જોડવા.)
7. ધોરણ 10 ના ગુણપત્રકની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ
8. ધોરણ 10 ના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ
9. સુધારેલા રેગ્યુલેશન ૨૦૦૫ ના રેગ્યુલેશન ૪૭ (૩) મુજબ જરૂરી લાગત ફી.

**ખાસ નોંધ :-**

- ગુણપત્રક/પ્રમાણપત્રમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજીસ્ટર (જી.આર.) તેમજ એલ.સી. સાથે મળતી ના આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે.
- સોગંદનામા કે ગેઝેટના આધારે સુધારો કરવામાં આવતો નથી. જેથી આવા કેસ સુધારા માટે રૂબરૂ કે ટપાલ દ્વારા આવેલ દરખાસ્તમાં સુધારો કરવામાં આવતો નથી. આવી દરખાસ્ત દફતરે કરવામાં આવે છે.
- જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે **અંગ્રેજીમાં** સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.
- જરૂર જણાયેથી અસલ જી.આર. પણ રજૂ કરવાનો રહેશે.

- અસલ જી.આર. ના દરેક પાના પર શાળાનું નામ, શૈક્ષણિક વર્ષ, પાના નંબર તથા શાળાનો રાઉન્ડ સ્ટેમ્પ ફરજિયાત મારેલો હોવો જોઇએ.
- પરિણામ પ્રસિદ્ધ થયાના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઇ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડ દ્વારા રિપ્રિન્ટ કરી આપવામાં આવે છે.
- **સુધારેલા રેગ્યુલેશન ૨૦૦૫ ના રેગ્યુલેશન ૪૭ (૩) મુજબ જરૂરી લાગત ફી :** મુદત બહારની સુધારા ફી રૂ.૫૦/-* અને સુધારાવાળી ડુપ્લીકેટ ગુણપત્રકના રૂ. ૫૦/-* તથા ડુપ્લીકેટ પ્રમાણપત્રના રૂ. ૫૦/-* અને પોસ્ટલ ચાર્જ રૂ.૩૦/-* એમ કુલ રૂ. ૧૮૦/-* નો "**સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**" ના નામજોગ ડિમાન્ડ ડ્રાફ્ટ દરખાસ્ત સાથે મોકલવાનો રહેશે અથવા બોર્ડની કચેરી ખાતે રૂબરૂ રોકડેથી બોર્ડમાં ભરી શકાશે.

  (*નોંધ:- ઉક્ત ફી ની માહિતી ફક્ત જાણકારી માટે આપેલ છે. જરૂરી લાગત ફી બોર્ડના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવાની રહેશે.)
- ધોરણ-૧૨ ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં સુધારા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સહિ (પ્રતિ હસ્તાક્ષર) મેળવવાની રહેતી નથી, જેથી ઉપર જણાવ્યા મુજબ આવી દરખાસ્તો સીધી જ ગુ.મા અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે મોકલવાની રહેશે નહી.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**રાજકોટ**

બિડાણ :-

- પરિશિષ્ટ-7, પરિશિષ્ટ-7 A નિયત નમુનાનું અરજીપત્રક

**નકલ જાણ તેમજ અમલવારી કરાવવા સારૂ :-**

- સંયોજકશ્રી, શાળા વિકાસ સંકુલ, તમામ, રાજકોટ જિલ્લો.
- બીટ ઇ.આઇ./એ.ઇ.આઇ., તમામ, આ કચેરી.

**નકલ સવિનય જાણ સારૂ રવાના :-**

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેકટર નંબર-૧૦/બી, જૂના સચિવાલય , ગાંધીનગર

# પરિશિષ્ટ-7

તમામ પ્રવાહ માટે

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**વિષય : માર્ચ/જુલાઈ 20.........ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ/અટકમાં સુધારો કરવા બાબત.**

**બેઠક નંબર** | | | | | | | |

જય ભારત સહ જણાવવાનું કે, હું માર્ચ/જુલાઈ 20........ ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના મારા પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર/ગુણપત્રક સાથે સામેલ છે.

(1) સુધારો કરવાની જરૂરી વિગત નીચે પ્રમાણે છે.

| | પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો (અંગ્રેજીમાં) | સુધારાની વિગત (અંગ્રેજીમાં) |
|---|---|---|
| અ. | અટક (અંગ્રેજીમાં) ...................................... | .......................................... |
| બ. | નામ (અંગ્રેજીમાં) ...................................... | .......................................... |
| ક. | પિતા/પતિનું નામ (અંગ્રેજીમાં) ........................... | .......................................... |

(2) અરજદારનું ઘરનું સંપૂર્ણ સરનામું (ગુજરાતી)

..............................................................

..............................................................

મુ. પો. ..............................................................

તાલુકો : ..............................................................

પીન કોડ નંબર | | | | | | |

ફોન નંબર (STD CODE સહિત) : ............................ મોબાઈલ નંબર : ............................

(3) લાગત ફીની મોકલેલી રકમ રૂા.50 (પરિણામ પ્રસિદ્ધ થયાના 3 માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી.)

અ. ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી હોય તો ડી.ડી.નં. .................................... તા. ...........................

બેંકનું નામ ............................................. શાખાનું નામ ....................................

બ. રોકડેથી બોર્ડમાં ભરી હોય તો રોકડ રસીદ નંબર .................................તા. ..........................

**ઉમેદવારની સહી (અચૂક કરવી)**

જા.નં. .............................

તારીખ .............................

નકલ રવાના :

આચાર્ય શ્રી,

........................................ હાઈસ્કૂલ મારફતે મોકલવું

શાળાનો ધોરણ-12 નો ઈન્ડેક્ષ નંબર | | | • | | |

**શાળાના આચાર્યનો સહી અને સિક્કો**

## ખાસ નોંધ :

(૧) પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજિસ્ટર તેમજ એલ.સી. સાથે મળતી ના આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે.

(૨) એફીડેવીટ, મ્યુનિસિપલનો દાખલો તેમજ ગેઝેટની નકલ પરથી સુધારો કરવામાં આવતો નથી.

(૩) નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. **ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર**
2. ધોરણ-12ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
3. ધોરણ-10ના એલ.સી. તેમજ તેની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
4. એસ.એસ.સી. (ધોરણ-10)ના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી નકલ.
5. ઉમેદવારની ફી રસીદની નકલ સામેલ કરવી.
6. **પરિણામ પ્રસિદ્ધ થયાના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર રિપ્રિન્ટ કરી આપવામા આવે છે.**
7. સમય-મર્યાદા બહાર નામ સુધારા માટેની રજુઆતો માટે રૂા. 50 ફી લેવામાં આવે છે અને ડુપ્લીકેટ ગુણપત્રક કે પ્રમાણપત્ર આપવામાં આવે છે.

## પરિશિષ્ટ-7-A

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

આથી હું (આચાર્યનું નામ) ..................................................................................

............................................................... હાઈસ્કૂલના વડા તરીકે જાહેર કરું છું. અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે...

(1) શાળાનું નામ ..................................................................................

હું ........................................................................ હાઈસ્કૂલના વડા સદર હું

શાળામાં માહે .......................... વર્ષ ..................... થી કામ કરું છું.

(2) શાળાનું જનરલ રજિસ્ટર મેં જાતે તપાસ્યું છે અને ખાતરી કરી છે કે ઉમેદવાર

(ઉમેદવારનું નામ) શ્રી .................................................................. ની જનરલ રજિસ્ટરમાં નોંધ નીચે પ્રમાણે છે.

અ. પૂરેપૂરું નામ (અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં)

અટક : ..................................................................

નામ : ..................................................................

પિતા/પતિનું નામ : ...................................................

બ. જનરલ રજિસ્ટર નંબર :.....................................................

(3) આથી પ્રમાણિત કરું છું કે, શાળાના રજિસ્ટરમાં ભરેલી અસલ નોંધમાં અનધિકૃત રીતે કોઈ ફેરફાર કરેલો નથી.

(4) માહે માર્ચ/જુલાઈ 20 ............ ની એચ.એસ.સી. પરીક્ષામાં સદર પરીક્ષાર્થીએ બેઠક નંબર .....................

કેન્દ્ર .............................. પર પરીક્ષા આપી છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો/ગુણપત્રકો તા. ...................... ના રોજ શાળાને મળ્યા હતા.

શાળાના ધોરણ-12નો ઈન્ડેક્ષ નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

પત્ર ક્રમાંક :

તારીખ :

**શાળાના વડાની સહી અને**

**શાળાનો સિક્કો**